ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કોઓપરેટીવ કન્ઝયુમર્સ સ્ટોર્સ લિ., નવસારી.
(નોંધણીનં. એમ/૭૭૯/૪૯૫ તા. ૦૫-૧૨-૧૯૭૭)
સ્થાપના: તા. ૩૦/૬/૧૯૬૬

જા.નં.ગુકયુસેકોકસ્ટોર્સ/ /વિજ્ઞપ્તિ/૨૦૧૮, નવસારી, તા. ૬/૮/૨૦૧૮

સહકાર ત્યાં સફળતા

વિના સહકાર નહી ઉધ્ધાર

# જાહેર વિજ્ઞપ્તિ

સહર્ષ જણાવવાનું કે અત્રેની નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે આપ સૌ જાણો છો તે મુજબ સહકારી ધોરણે રચાયેલ અધિકૃત ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કો. ઓ. કન્ઝુમર્સ સ્ટોર્સ લિ., નવસારી (સહકારી ભંડાર) છેલ્લા ૫૨ (બાવન) વર્ષથી કાર્યરત છે. આપણા વડે, આપણા માટે અને આપણો એવો આ સ્ટોર્સ કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તથા કામદારોની જીવન જરૂરિયાતની સાથે સંકળાયેલ તમામ રોજીંદા વપરાશની તથા અન્ય ઓફીસ કામમાં વપરાતી વસ્તુઓ, સ્ટેશનરી, સેનેટરીની તમામ આઈટમો અને ચીજ વસ્તુઓ કિફાયતી ભાવે પૂરી પાડવા ઉપરાંત ગેસ બીલ કલેકશન સેન્ટર, અનાજ દળવાની ઘંટી તથા શેરડીનું રસકેન્દ્ર જેવી સેવાકીય પ્રવૃતિઓનું ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કો. ઓ. કન્ઝુમર્સ સ્ટોર્સ લિ., નવસારી (સહકારી ભંડાર) સંચાલન કરે છે. ફકત શેરધારકોના શેરભંડોળની મુડી પર સંપૂર્ણ પણે દેવા મુકત પરિસ્થિતિમાં અત્યારે વેપારની કામગીરી ચાલી રહેલ છે અને આપ બધાના સાથ સહકારથી ઉત્તરોત્તર પ્રગતિના પંથે પ્રયાણ કરી ભંડારે ઓડીટ વર્ગ-અ પ્રાપ્ત કરેલ છે.

ભૂતકાળમાં રાજય સરકાર તથા સભાસદોના શેર ભંડોળથી શરૂ કરાવેલ સદર સ્ટોર્સ આર્થિક પ્રગતિ કરી સરકારશ્રીની શેરફાળાની રકમ પરત કરી સ્વનિર્ભરતા હાંસિલ કરેલ છે. તત્કાલિન કુલપતિશ્રીઓ તથા અત્યારના મા. કુલપતિશ્રી ડૉ. ડાંગરીયાસાહેબ તથા આપ સર્વે તરફથી અવિરત સાંપડી રહેલ ઉમદા, રચનાત્મક અને પ્રોત્સાહક સહયોગના પરિણામે સ્ટોર્સ સતત વિકાસ અને પ્રગતિ કરી રહેલ છે.

આપ સર્વે જાણો છો કે આજની તિવ્ર હરિફાઈના સમયમાં સહકારી ધોરણે ચાલતી સંસ્થાઓને આર્થિક સંકડામણનો પ્રશ્ન હંમેશા મુઝવતો હોય છે જેના સુખદ અને સફળ ઉકેલ માટે ભંડારનો વેપાર વધારવા અને શેર ભંડોર વધારવા ખુબ આવશ્યક થઈ પડેલ છે. મા. કુલપતિશ્રીએ પણ ભંડારના વિકાસ અને પ્રગતિમાં ખાસ રસ દાખવી તમામ પ્રકારનો રચનાત્મક સહયોગ પૂરો પાડી રહેલ છે. આ જ સંદર્ભમાં તેઓશ્રીએ આપણી યુનિવર્સિટી તરફથી ઉત્પાદીત થતી વિવિધ બનાવટો/ચીજવસ્તુઓ ભંડાર મારફતે નિયત ભાવથી વેચાણ કરી શકાય તે માટે ઘટતી વ્યવસ્થા ગોઠવવા અનુમોદન આપેલ છે. સદર વ્યવસ્થા અંતર્ગત અત્રેની યુનિવર્સિટીના તમામ સંબધિત વડાશ્રીઓ તરફથી શકય તેટલા ખાસ વળતરના લાભ સાથે વેચાણ અનુસાર બીલીંગ વ્યવસ્થા અપનાવી સહયોગ પુરો પાડવા ભંડારની નમ્ર અપેક્ષા સહ વિનંતી છે તથા આ અંગે આપશ્રીની અનુકુળતા પ્રમાણે ભંડારના પ્રમુખ/ઉપપ્રમુખ/મંત્રીને રૂબરૂ પરામર્શ માટે જણાવી આભારી કરવા વિનંતી છે.

ઉપરોકત બાબત પરત્વે આપ સર્વેનું નમ્ર ધ્યાન દોરીને જણાવવાનું કે આપણા સ્ટોર્સમાંથી જીવન જરૂરીયાત કે અન્ય ચીજ વસ્તુઓ ખરીદવાનું રાખી અમૂલ્ય સહયોગ પ્રદાન કરવા અપેક્ષા સહ વિનંતી છે તેમજ નવા આગંતુક કર્મચારીઓને સ્ટોર્સનો રૂા. ૨૫ (અંકે રૂપિયા પચ્ચીસ પુરા) શેર ખરીદી સભાસદ બનવા અનુરોધ છે.